૧ ફરીયાદ પક્ષના કેસની કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગેની ચાર્જશીટ કરેલી.

૨ ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ વિનામુલ્યે મળ્યાની ખાતરી કરી પ્લીને આંક–૩ રેકર્ડ કરતા આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી કબુલાત કરેલ તેમજ અલગથી કબુલાત પુરશીશને આંક–૪ આપીને તેમને ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા માટે પોતાને પુરતો અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુનો ગુનો કબુલ કરવા બંધાયેલા નથી. તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરશીશ દાખલ કરવામાં આવેલ છે.

૩. આરોપી સામે એમ.વી.એક્ટ ૧૮૫ તથા પ્રોહી. કલમ–૬૬(૧)બી મુજબના સામાન્ય ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરશીશ વંચાણે લેતાં, તેમા જણાવેલ કારણો ધ્યાને લેતા આરોપી નાની–મોટી ઉંમરના ગરી અને મધ્યમ વર્ગના માણસો જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે, બાળ–બચ્ચાવાળા છે. ગરીબ સ્થિતિના લીધે બચાવ કરવા સક્ષમ નથી. તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યક્ત કરેલ છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહીં કરવાની ખાતરી આપે છે. તેમજ તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવે છે તથા કુટુંબના સભ્યોમાં બીમારી છે અને જો ઓછી સજા અનૌ દંડ કરવામાં આવે તો સમાજમાં માન અને મોભા ભર્યા સ્થાનથી જીવી શકીએ. તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓઠી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચીત માનું છું.

૪. નામ. ગુજરાતની વડી અદાલતે ચુકાદામાં પ્રથાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને લેતા જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચેની અદેલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામંઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્રપણે માનું છું. સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**//હુકમ //**

આ કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે તેઓની સામેના ઉપરોક્ત ગુનામાં તકસીરવાન ઠરાવી, ક્રી.પ્રો.કોડની કલમ– એમ.વી.એક્ટ ૧૮૫ હેઠળ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રોહી. કલમ–૬૬(૧)બી હેઠળ રૂા.૧૦૦/– (અંકે રૂ. એકસો પુરા)નો દંડ ની સજા અને દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ફરંમાવું છું.

પોલીસ કબજે કરેલ મુદ્દામાલ વાહન ખાતરી કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૨/૦૭/૨૦૨૫**
**છોટાઉદેપુર**
**સ્પે.સીટીંગ નેશનલ લોકઅદાલત**

**( એ. એચ. મકરાણી )**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**છોટાઉદેપુર**
**(જી.જે. ૦૧૧૩૭)**